ક્રમાંકઃપ્રાશિનિ/ખ-૨/અપીલ/ગાંધીનગર/ફા.૨૪૧/૨૦૧૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા. ૨/૦૫/૨૦૧૮

વિષયઃ- નવી ખાનગી (બિન અનુદાનિત) પ્રાથમિક શાળા/ક્રમિક વર્ગ/વર્ગ વધારા માટે અપીલ અરજી બાબત.

વંચાણે લીધાઃ-

(૧) મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૪૭ અને તે હેઠળના ૧૯૪૯ના નિયમોની જોગવાઇઓ

(૨) ગુજરાત RTE નિયમો- ૨૦૧૨, શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનું જાહેરનામા ક્રમાંકઃ GH-SH-4-PRE-૧૨૨૦૧૦/GOI-10/K તા.૧૮-૨-૨૦૧૨

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર નાં પત્રાંકઃ ચ-૧/ના.મંજુર/નવી શાળા/૧૭-૧૮/૧૨૭૮-૭૯ તા.૧૬/૦૨/૨૦૧૮

(૪) મેનેજીંગ ટ્રસ્ટીશ્રી/પ્રમુખશ્રી, શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેસન, વસંત વગડો, ક- ૭ , સર્કલ, માણસા રોડ, ગાંધીનગરની તા.૧૪/૦૩/૨૦૧૮ ની અપીલ અરજી અન્વયે.

આમુખઃ-

શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેસન, વસંત વગડો, ક- ૭ , સર્કલ, માણસા રોડ, ગાંધીનગર સંચાલિત સમર્પણ પબ્લીક સ્કુલ, સમર્પણ એજયુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ, ક- ૭, સર્કલ, ગવર્નમેન્ટ એન્જીનિયરીંગ કોલેજ, ગાંધીનગરની પાછળ, ગાંધીનગર ખાતે જૂનઃ૨૦૧૮ થી ધો. ૧ થી ૫ (ગુ.મા.) ખા.પ્રા.શા.શરૂ કરવાની દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર એ ઉપર વંચાણે લીધેલ હુકમ પત્ર (૩) થી નામંજૂર કરેલ છે. જેની સામે સદરહુ ટ્રસ્ટે શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્ર (૨) ના જાહેરનામાથી પ્રસિધ્ધ થયેલા R.T.E. રૂલ્સ ૨૦૧૨ ના નિયમઃ ૧૩(૮) ની જોગવાઇ મુજબ આ કચેરીને અપીલ દાખલ કરી હતી.

૨/ સદરહુ અપીલની સુનાવણી તા.૦૫/૦૪/૨૦૧૮ તથા તા.૩૦/૦૪/૨૦૧૮ ના રોજ રાખવામાં આવી હતી. સુનાવણીમાં નીચેના પક્ષકારો હાજર રહેલા છે.

(૧) સંસ્થાના પ્રમુખ /મંત્રીશ્રી, વતી – મુકેશ એન.વૈદ્ય

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર ના પ્રતિનિધિ હાજર છે/નથી

૩/ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર એ ધો. ૧ થી ૫ (ગુ.મા.) બિન અનુદાનિત ખા.પ્રા.શા નામંજૂર કરેલ છે. નામંજૂર કરવાના કારણો નીચે પ્રમાણે છે.

- સક્ષમ અધિકારી દ્વારા મકાનનો પ્લાન મંજુર કરાવેલ નથી. તેમજ રજાચિઠી રજુ કરેલ નથી
- સક્ષમ ઓથોરીટીએ માન્ય કરેલ સ્ટ્રકચર એન્જિનિયરનું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી.
- મકાન વપરાશ યોગ્ય છે તે મતલબનું સક્ષમ ઓથોરીટીનું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી.
- શાળાના મકાનનો હાલનો હયાત ફોટોગ્રાફ રજૂ કરેલ નથી.

રજાનુંથી કારકુન
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
સહયોગ સંકુલ, એ-બ્લોક,
બીજો માળ, સેક્ટર નં. ૧૧,
ગાંધીનગર-૩૮૨૦૧૧.

Scanned with CamScanner

૪/ સુનાવણી દરમ્યાન સંસ્થાએ નીચે મુજબ લેખિત તથા મૌખિક રજૂઆત કરેલ છે.

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર દ્વારા લેવાયેલ વાંધાઓના સંદર્ભમાં તા.૩૦/૦૪/૨૦૧૮ નાં રોજ સુનાવણી સમયે શાળા મંડળે સક્ષમ અધિકારીશ્રી દ્વારા તા.૧૭/૦૪/૨૦૧૮ નો મંજુર કરેલ શાળાના મકાનનો નકશો રજુ કરેલ છે. તા.૧૭/૦૪/૨૦૧૮ નાં રોજ આપેલ વિકાસ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ છે. BUP તેમજ સ્ટ્રકચર એન્જીનીયરનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. જે ધ્યાને લઈ શાળા મંડળે ધો. ૧ થી ૫ (ગુ.મા.)ની મંજુરી આપવા વિનંતી કરેલ છે.

તારણો:-

શાળા મંડળે રજૂ કરેલ વિગતો અને આધારો જોતાં શાળા મંડળને ધો. ૧ થી ૫ (ગુ.મા.) ની મંજુરી આપવામાં હરકત સરખુ નથી.

હુકમ:-

- મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૪૭ અને નિયમો-૧૯૪૯ તથા ગુજરાત RTE નિયમો-૨૦૧૨ હેઠળ મળેલ સત્તા અન્વયે શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેસન, વસંત વગડો, ક- ૭ , સર્કલ, માણસા રોડ, ગાંધીનગર સંચાલિત સમર્પણ પબ્લીક સ્કુલ, સમર્પણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ, ક- ૭, સર્કલ, ગવર્નમેન્ટ એન્જીનિયરીંગ કોલેજ, ગાંધીનગરની પાછળ, ગાંધીનગર ખાતે જૂન:૨૦૧૮ થી ધો. ૧ થી ૫ (ગુ.મા.) બિન અનુદાનિત ખા.પ્રા.શા. શરૂ કરવાની દરખાસ્ત <u>ઉપર્યુકત તારણમાં જણાવેલ કારણોસર મંજુર કરવાનો આદેશ કરવામાં આવે છે.</u>

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ને સદર શાળા/વર્ગની નોંધણી કરવાની આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. શાળાને ગુજરાત RTE રૂલ્સ- ૨૦૧૨, સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬ અને ફી રેગ્યુલેશન એકટ-૨૦૧૭ નો અમલની કરવાની શરતે મંજૂરી આપવામાં આવે છે.

(નૂતન પી.રાવલ)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,

(૧) પ્રમુખ/મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેસન, વસંત વગડો, ક- ૭ , સર્કલ, માણસા રોડ, ગાંધીનગર સંચાલિત સમર્પણ પબ્લીક સ્કુલ, સમર્પણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ, ક- ૭, સર્કલ, ગવર્નમેન્ટ એન્જીનિયરીંગ કોલેજ, ગાંધીનગરની પાછળ, ગાંધીનગર

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર

(૩) સિલેક્ટ ફાઈલ

Scanned with CamScanner

ક્રમાંકઃપ્રાશિનિ/ખ-૨/અપીલ/ગાંધીનગર/ફા.૨૪૦/૨૦૧૮ ૩૧૭૫-૭૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા. ૨/૦૫/૨૦૧૮

વિષયઃ- નવી ખાનગી (બિન અનુદાનિત) પ્રાથમિક શાળા/ક્રમિક વર્ગ/વર્ગ વધારા માટે અપીલ અરજી બાબત.

વંચાણે લીધાઃ-

(૧) મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૪૭ અને તે હેઠળના ૧૯૪૯ના નિયમોની જોગવાઇઓ

(૨) ગુજરાત RTE નિયમો- ૨૦૧૨, શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનું જાહેરનામા ક્રમાંકઃ GH-SH-4-PRE-૧૨૨૦૧૦/GOI-10/K તા.૧૮-૨-૨૦૧૨

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર ના પત્રાંકઃ ચ-૧/ના.મંજુર/નવી શાળા/૧૭-૧૮/૧૨૭૬-૭૭ તા.૧૬/૦૨/૨૦૧૮

(૪) મેનેજીંગ ટ્રસ્ટીશ્રી/પ્રમુખશ્રી, શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેસન, વસંત વગડો, ક- ૭ , સર્કલ, માણસા રોડ, ગાંધીનગરની તા.૧૪/03/૨૦૧૮ ની અપીલ અરજી અન્વયે.

આમુખઃ-

શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેસન, વસંત વગડો, ક- ૭ , સર્કલ, માણસા રોડ, ગાંધીનગર સંચાલિત સમર્પણ પબ્લીક સ્કુલ, સમર્પણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ, ક- ૭, સર્કલ, ગવર્નમેન્ટ એન્જીનિયરીંગ કોલેજ, ગાંધીનગરની પાછળ, ગાંધીનગર ખાતે જૂનઃ૨૦૧૮ થી ધો. ૧ થી ૫ (અં.મા.) ખા.પ્રા.શા.શરૂ કરવાની દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર એ ઉપર વંચાણે લીધેલ હુકમ પત્ર (૩) થી નામંજૂર કરેલ છે. જેની સામે સદરહુ ટ્રસ્ટે શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્ર (૨) ના જાહેરનામાથી પ્રસિધ્ધ થયેલા R.T.E. રૂલ્સ ૨૦૧૨ ના નિયમઃ ૧૩(૮) ની જોગવાઇ મુજબ આ કચેરીને અપીલ દાખલ કરી હતી.

૨/ સદરહુ અપીલની સુનાવણી તા.૦૫/૦૪/૨૦૧૮ તથા તા.૩૦/૦૪/૨૦૧૮ ના રોજ રાખવામાં આવી હતી. સુનાવણીમાં નીચેના પક્ષકારો હાજર રહેલા છે.
(૧) સંસ્થાના પ્રમુખ /મંત્રીશ્રી, વતી – મુકેશ એન.વૈદ્ય
(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર ના પ્રતિનિધિ હાજર છે/નથી

૩/ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર એ ધો. ૧ થી ૫ (અં.મા.) બિન અનુદાનિત ખા.પ્રા.શા નામંજૂર કરેલ છે. નામંજૂર કરવાના કારણો નીચે પ્રમાણે છે.

- સક્ષમ અધિકારી દ્વારા મકાનનો પ્લાન મંજુર કરાવેલ નથી. તેમજ રજાચિઠી રજુ કરેલ નથી
- સક્ષમ ઓથોરીટીએ માન્ય કરેલ સ્ટ્રકચર એન્જિનિયરનું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી.
- મકાન વપરાશ યોગ્ય છે તે મતલબનું સક્ષમ ઓથોરીટીનું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી.
- શાળાના મકાનનો હાલનો હયાત ફોટોગ્રાફ રજૂ કરેલ નથી.

PRINCIPAL
Samarpan Public School
Samarpan Education & Research Campus
Shree Shankarsinh Vaghela Bapu Foundation

Samarpan Public School

Scanned with CamScanner

૪/ સુનાવણી દરમ્યાન સંસ્થાએ નીચે મુજબ લેખિત તથા મૌખિક રજૂઆત કરેલ છે.

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર દ્વારા લેવાયેલ વાંધાઓના સંદર્ભમાં તા.૩૦/૦૪/૨૦૧૮ નાં રોજ સુનાવણી સમયે શાળા મંડળે સક્ષમ અધિકારીશ્રી દ્વારા તા.૧૭/૦૪/૨૦૧૮ નો મંજુર કરેલ શાળાના મકાનનો નકશો રજુ કરેલ છે. તા.૧૭/૦૪/૨૦૧૮ નાં રોજ આપેલ વિકાસ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ છે. BUP તેમજ સ્ટ્રકચર એન્જીનીયરનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. જે ધ્યાને લઈ શાળા મંડળે ધો. ૧ થી ૫ (અં.મા.)ની મંજુરી આપવા વિનંતી કરેલ છે.

તારણોઃ-

શાળા મંડળે રજૂ કરેલ વિગતો અને આધારો જોતાં શાળા મંડળને ધો. ૧ થી ૫ (અં.મા.) ની મંજુરી આપવામાં હરકત સરખુ નથી.

હુકમઃ-

મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૪૭ અને નિયમો-૧૯૪૯ તથા ગુજરાત RTE નિયમો-૨૦૧૨ હેઠળ મળેલ સત્તા અન્વયે શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેસન, વસંત વગડો, ક- ૭ , સર્કલ, માણસા રોડ, ગાંધીનગર સંચાલિત સમર્પણ પબ્લીક સ્કુલ, સમર્પણ એજયુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ, ક- ૭, સર્કલ, ગવર્નમેન્ટ એન્જીનિયરીંગ કોલેજ, ગાંધીનગરની પાછળ, ગાંધીનગર ખાતે જૂનઃ૨૦૧૮ થી ધો. ૧ થી ૫ (અં.મા.) બિન અનુદાનિત ખા.પ્રા.શા. શરૂ કરવાની દરખાસ્ત ઉપર્યુકત તારણમાં જણાવેલ કારણોસર મંજૂર કરવાનો આદેશ કરવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ને સદર શાળા/વર્ગની નોંધણી કરવાની આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. શાળાને ગુજરાત RTE રૂલ્સ- ૨૦૧૨, સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬ અને ફી રેગ્યુલેશન એકટ-૨૦૧૭ નો અમલની કરવાની શરતે મંજૂરી આપવામાં આવે છે.

(નૂતન પી.રાવલ)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ;

(૧) પ્રમુખ/મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,

- શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેસન, વસંત વગડો, ક- ૭ , સર્કલ, માણસા રોડ, ગાંધીનગર સંચાલિત સમર્પણ પબ્લીક સ્કુલ, સમર્પણ એજયુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ, ક- ૭, સર્કલ, ગવર્નમેન્ટ એન્જીનિયરીંગ કોલેજ, ગાંધીનગરની પાછળ, ગાંધીનગર

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર

(૩) સિલેક્ટ ફાઇલ

PRINCIPAL
Samarpan Public School
Samarpan Education & Research Campus
Shree Shankarsinh Vaghela Bapu Foundation
Gandhinagar-382028

Samarpan Public School
Manager

Scanned with CamScanner

6-7-8 (G.M)

5/31/2019

Application No:- GAN500023

ક્રમાંક :- નં/શિક્ષણ/ખાનગી/વર્ગ વધારો/વશી19/23/૨૨૭૪-૭૭

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/

જિલ્લા શિક્ષણાધિકારી

જિલ્લો :- GANDHINAGAR

તા : ૩૧/૦૫/૨૦૧૯

પ્રતિ,

- પ્રમુખશ્રી/મંત્રીશ્રી/સંચાલકશ્રી,
Mahendrasinh Shankersinh Vaghela
Managing Trustee,
Vasant Vagdo,K-7 Circle, Gandhinagar-Randheja Road
,Sec-26,Gandhinagar.

વિષય :- જૂન ૨૦૧૯ થી બિન અનુદાનિત /ગ્રાન્ટ વિનાની નીચે મુજબની પ્રા.શાળા. નો વર્ગ વધારો વધારા માટે શાળા ની મંજુરી આપવા બાબત.

| | |
|---|---|
| શાળા મંડળનું નામ :- | Shri Shankersinh Vaghela Babapu Foundation |
| સરનામું :- | Vasant Vagdo,K-7 Circle, Gandhinagar-Randheja Road ,Sec-26,Gandhinagar |
| શાળા નું નામ :- | Samarpan Public School |
| શાળા નું સરનામું :- | Samarpan Education & Research Campus,Samarpan Circle,KH_7, Sector -28 |
| માધ્યમ :- | Gujarati ધોરણ :- નવો વર્ગ 6, 7, 8 |

સંદર્ભ :- (૧) બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ - ૨૦૦૯ અન્વયે.
(૨) બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર નિયમ - ૨૦૧૨ અન્વયે.
(૩) મુંબઈ પ્રાથમિક શિક્ષણના અધિનિયમ ૧૯૪૭ અન્વયે.
(૪) મુંબઈ પ્રાથમિક શિક્ષણના નિયમ ૧૯૪૯ અન્વયે.
(૫) આપના શાળા મંડળ તરફથી નવી પ્રાથમિક/ ઉચ્ચ પ્રાથમિક શાળા શરુ કરવા મળેલ અરજી અન્વયે.
(૬) અત્રેની કચેરીના તપાસ અધિકારીશ્રી પા.જે.પટેલ નો તા. 14/03/19નો તપાસ નો અહેવાલ.

શ્રીમાન,

બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની કલમ ૧૮ અને બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર નિયમ -૨૦૧૨ તથા મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમ ૧૯૪૯ અન્વયે જૂન ૨૦૧૯ થી નવી નિમ્ન પ્રાથમિક /ઉચ્ચ પ્રાથમિક શાળા શરુ કરવા આપના શાળા મંડળ તરફથી મળેલ ઓનલાઇન અરજી તથા અરજી સાથે જોડેલ બીડાણોનાં આધારે જૂન ૨૦૧૯ થી બિન અનુદાનિત નવી નિમ્ન પ્રાથમિક (ધો. ૧ થી ૫ )/ઉચ્ચ પ્રાથમિક (ધો. ૬ થી ૮ ) શાળા શરુ કરવા નીચેની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે.

આપની શાળામાં શિક્ષણનું માધ્યમ Gujarati રહેશે અને જૂન ૨૦૧૯ થી ધોરણ (નવો વર્ગ) નવો વર્ગ 6, 7, 8 ના ફક્ત એક એક વર્ગો ચલાવી શકશો.

શરતો : -
૧. શાળાની માન્યતાની શરતો પૂર્ણ કરવાની અને તેને નિભાવવાની જવાબદારી શાળા મંડળની રહેશે.



Scanned with CamScanner

૨. બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો-૨૦૧૨ તથા મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭ અને મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમ ૧૯૪૯ ની તમામ જોગવાઈઓનું પાલન કરવાનું અને તેને નિભાવવાની જવાબદારી શાળા મંડળની રહેશે.
૩. અધિનિયમ અને તે હેઠળ રચાયેલ નિયમો ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવતા નિયમો... ઉપનિયમો, ઠરાવો, પરિપત્રો, સૂચનાઓ વગેરેનું પાલન કરવાની જવાબદારી શાળા મંડળની રહેશે.
૪. શાળાએ નજીકના વિસ્તારમાં નબળા વર્ગના બાળકો અને વંચિત જૂથના બાળકોને પૂર્વ પ્રાથમિક વર્ગો સહિત ધોરણ-૧ માં તે ધોરણના સંખ્યાબળના 25 % મુજબ પ્રવેશ આપવો જોઇશે તથા મફત અને ફરજીયાત પ્રારંભિક શિક્ષણ તેની સમાપ્તિ સુધી પુરું પાડવું જોઇશે. તેના અમલ માટે સંબધિત કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.
૫. કેપીટેશન ફી લેવા પર પ્રતિબંધ છે અને તેથી ટ્રસ્ટ મંડળે અથવા શાળાએ કોઇપણ કેપીટેશન ફી અથવા અન્ય રીતે બીજા દાન અથવા એવી ફીના બદલામાં ચીજવસ્તુઓ લેવી જોઇશે નહીં...
૬. શાળાએ પ્રવેશ આપવાના હેતુઓ માટે બાળકની અથવા તેના અથવા તેના તેણીના માતા-પિતા અથવા વાલીઓની કોઇપણ રીતે સ્ક્રીનીંગ ટેસ્ટ (તપાસ કસોટી) અથવા કાર્યરીતિ અપનાવવી જોઇશે નહીં...
૭. શાળાએ ઉંમરના પુરાવાના અભાવે અથવા ધર્મ, જ્ઞાતિ, પંથ અથવા જાતી, જન્મ સ્થળ અથવા તે પૈકીના કોઇપણ આધાર પર કોઈ બાળકને પ્રવેશ આપવાનો ઇન્કાર કરવો જોઇશે નહીં.
૮. શાળાએ સુનિશ્ચિત કરવું જોઇએ કે:-

(૧) પ્રવેશ આપેલ કોઇપણ બાળકને શાળામાં પ્રારંભિક શિક્ષણ પુરું થતા સુધી કોઇપણ ધોરણમાં રોકી રાખવામાં ન આવે અથવા શાળામાંથી કાઢી મુકવામાં ન આવે અથવા વર્ગ બઢતીના પ્રવર્તમાન નિયમોને આધિન કાર્યવાહી કરવામાં આવે.
(૨) કોઇપણ બાળક શારીરિક શિક્ષા અથવા માનસિક ત્રાસને પાત્ર થાય નહીં.
(૩) પ્રારંભિક શિક્ષણ પુરું કરનાર દરેક બાળકને નિયમ ૩૦ હેઠળ નિયત કર્યા પ્રમાણેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે.
(૪) અધિનિયમોની જોગવાઇ પ્રમાણે અશકતતા ધરાવતા વિશિષ્ટ જરૂરીયાતવાળા વિધાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.
(૫) સરકાર દ્વારા વખતોવખત નિયત થયેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની ભરતી કરવાની રહેશે.
(૬) શિક્ષક-વિધાર્થી પ્રમાણ નિયમાનુસારનું હોવું જોઇશે. શાળામાં વર્ગખંડનું ક્ષેત્રફળ નિયમાનુસાર હોવુ જોઇએ તથા જરૂરી તમામ ભૌતિક સુવિધાઓ હોવી જોઇએ.
(૭) આર.ટી.ઇ. અધિનિયમની કલમ-૨૪ની પેટા કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શિક્ષક પોતાની ફરજો બજાવે
(૮) શિક્ષક પોતે ખાનગી ટયુશન આપી શકશે નહીં. તે જોવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે.
(૯) કેન્દ્ર સરકારે અથવા રાજ્ય સરકારે અથવા નિયામકે બહાર પાડેલ માર્ગદર્શિકાઓ અને આદેશનુ' પાલન કરી પારદર્શક અને નિષ્પક્ષ પ્રવેશ પ્રક્રિયાને અનુસરવાનું રહેશે.

૯. સમુચિત સત્તામંડળે ઘડેલા પાઠયક્રમના આધારે તૈયાર કરેલ અભ્યાસક્રમ પ્રમાણે શાળાએ શિક્ષણ આપવાનું રહેશે.
૧૦. શાળાએ આર.ટી.ઇ. અધિનિયમની કલમ-૧૯ માં ઠરાવ્યા પ્રમાણે શાળામાં પ્રાપ્ય સુવિધાઓના પ્રમાણમાં વિધાર્થીઓને પ્રવેશ આપવો જાઇએ.
૧૧. શાળાએ આર.ટી.ઇ. અધિનિયમની કલમ-૧૯ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શાળાના ધોરણો અને માપદંડો જાળવવા જોઇશે અને ખાસ કરીને કોઇ માહિતી પૂરી પાડવાને લગતી શાળાની વેબસાઇટના નિભાવ અને દર વર્ષે નિયત સમયમાં સાચી અને વિશ્વસનીય ડીઆઇએસઇ(ડાયસ) ડીસ્ટ્રીકટ ઇન્ફોરમેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન ડેટા (માહિતી) ભરવાને લગતી આર.ટી.ઇ. નિયમ-૧૩ ની તમામ શરતોનું પાલન કરવું જોઇશે.
૧૨. શાળાની જગ્યાએ અંદર અથવા એ જ નામથી શાળાની બહાર કોઇ અનધિકૃત વર્ગો ચલાવવા જોઇશે નહીં.
૧૩. શાળાના મકાનનો અથવા અન્ય બાંધકામનો અથવા મેદાનનો માત્ર શિક્ષણ કૌશલ્ય વિકાસના હેતુઓ માટે જ ઉપયોગ કરવાનો રહેશે...
૧૪. શાળા સોસાયટી રજીસ્ટ્રેશન અધિનિયમ-૧૮૬૦, (સને-૧૮૬૦ની ૨૧ માં) હેઠળ નોંધાયેલ મંડળી દ્વારા અથવા તત્સમયે અમલમાં હોઇ તેવા કાયદા રચાયેલા સાર્વજનિક ટ્રસ્ટ/કંપની દ્વારા ચલાવવામાં આવવી જોઇશે.
૧૫. શાળા કોઇ વ્યકિત, જૂથ અથવા વ્યકિતઓના મંડળ અથવા કોઇ બીજી વ્યકિતઓના નફા માટે ચલાવી શકાશે નહિ.
૧૬. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે હિસાબોનું ઓડિટ કરાવવું જોઇએ અને તેને પ્રમાણિત કરાવવા જોઇશે અને યોગ્ય હિસાબી પત્રકો નિયમો પ્રમાણે તૈયાર કરવા જોઇએ. દર વર્ષે હિસાબોના પત્રકો ઓડિટ કરાયેલા રીપોર્ટની એક નકલ સક્ષમ સત્તાધિકારીને મોકલવી જોઇશે.
૧૭. CCTV કેમેરાની રેકોર્ડીગ સાથેની સુવિધા ઉપલબ્ધ હોવી જોઇશે અને સક્ષમ અધિકારીને તે બદલની ખાતરી કરાવવાની રહેશે.
૧૮. શાળા સલામતી માટેના જરૂરી પગલા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની ગાઇડલાઇન મુજબ સમય મર્યાદામાં લેવાના રહેશે. સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬ નો અમલ કરવાનો રહેશે.
૧૯. વિધાર્થીઓ અને સ્ટાફની સલામતી માટે વખતો વખત જરૂરી હોય તેવા પગલાં લઇ તેઓની સલામતી સુનિશ્ચિત કરવાની રહેશે.
૨૦. શાળા મંડળે વિધાર્થીઓને ચોક્કસ પ્રકારના પુસ્તકો, સાહિત્ય, ગણવેશ કે બુટ, પોતાની સંસ્થા પાસેથી કોઇ ચોક્કસ સંસ્થા



Scanned with CamScanner

# પ્રમાણપત્ર

બાળકોનાં મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની જોગવાઇઓ તેમજ આ અધિનિયમ હેઠળ અમલમાં આવેલા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર નિયમો- ૨૦૧૨ અને મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૪૭ તથા મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમ- ૧૯૪૯ અન્વયે તેમજ આ કચેરીના તા. 31/05/2019 ના મંજૂરીપત્ર અન્વયે આપના ટ્રસ્ટ Shri Shankersinh Vaghela Babapu Foundation સંચાલિત Samarpan Public School શાળાને Samarpan Education & Research Campus,Samarpan Circle,KH_7, Sector -28 સરનામે જૂન ૨૦૧૯ થી ધોરણ- (નવો વર્ગ) 6, 7, 8 Gujarati માધ્યમમાં શરૂ કરવા માટે માન્યતા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

Application No :-
GAN500023
પ્રમાણપત્ર ક્રમાંક :-
સ્થળ :-GANDHINAGAR
તારીખ :-

[redacted]

સહિ /-
[redacted]
(સક્ષમ સત્તાધિકારીનું નામ)
જિલ્લા શિક્ષણાધિકારી/
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લો :-GANDHINAGAR

પ્રતિ,
પ્રમુખશ્રી/મંત્રીશ્રી/સંચાલકશ્રી,
Mahendrasinh Shankersinh Vaghela
Managing Trustee,
Vasant Vagdo,K-7 Circle, Gandhinagar-Randheja Road ,Sec-26,Gandhinagar.

સહિ /-
[redacted]

Scanned with CamScanner

કે એજન્સી પાસેથી કે ચોક્કસમાર્કો કે કંપનીના ખરીદવા માટે વિદ્યાર્થીઓ/વાલીઓને આગ્રહ રાખી શકાશે નહિ કે ફરજ પાડી શકાશે નહિ.

૨૧. ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ના પ્રબંધો અને તે હેઠળ બનેલા નિયમો આ શાળાને લાગુ પડશે અને તેનું પાલન કરવાનું બાહેધરી પત્રક રજુ કરવાનું રહેશે.

૨૨. સક્ષમ સત્તાધિકારીશ્રી અથવા તેના દ્વારા અધિકૃત કરેલ વ્યક્તિ તથા શિક્ષણ ખાતાના નિરીક્ષક/અધિકારીઓને શાળા નિરીક્ષણ કરવાની છૂટ રહેશે.

૨૩. શાળાએ સરકાર દ્વારા માન્ય કરેલ અભ્યાસક્રમ તથા વખતો વખત મંજુર કરેલ પાંઠયપુસ્તકોનો જ ઉપયોગ કરવાનો રહેશે.

૨૪. શિક્ષણની ફી નાં દર તથા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર ધોરણો સરકાર માન્ય હોવા જોઇએ...

૨૫. શાળાના આચાર્ય કે સંચાલકો તરફથી આપવામાં આવતા રેકર્ડ, આંકડાકીય પત્રકો અને પ્રમાણપત્રો વિશ્વસનીય હોવા જોઇશે.

૨૬. શાળા, નિયામક અને સક્ષમ સત્તાધિકારી વખતો વખત ફરમાવે તેવા રિપોર્ટ અને માહિતી પૂરી પાડશે અને શાળા ચાલુ રાખવાની માન્યાતાની શરતને પરિપૂર્ણ કરવા અથવા શાળાના કામકાજમાંની ખામીઓ દૂર કરવા રાજય સરકાર/સ્થાનિક સત્તામંડળ આપે તેવા આદેશોનું પાલન કરશે.

૨૭. સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગી વિના શાળાના નામમાં ફેરફાર, શાળાના સ્થળ ફેરફાર કે શાળાના વ્યવસ્થા તંત્રમાં ફેરફાર કરી શકાશે નહી.

૨૮. સામાન્ય સંજોગોમાં જે વર્ષમાં શાળાને મંજૂરી આપવામાં આવેલ હોય તે જ વર્ષમાં શાળા શરૂ કરવાની રહેશે. મંજૂરી મળ્યા પછીના ૬ માસમાં શાળા શરૂ કરવામાં નહિ આવે તો અપાયેલ મંજૂરી આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

૨૯. જયારે જરૂર પડે ત્યારે શાળાનું મકાન જાહેર પરીક્ષા માટે તથા જાહેર હિતાર્થે શાળા સંચાલકે ફાજલ કરી ઉપયોગ માટે આપવાનું રહેશે.

૩૦. સરકારશ્રી દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવે તેવા તમામ ઠરાવ/પરિપત્રો/સૂચનાઓ/નિયમોનું પાલન કરવાનું રહેશે.

૩૧. આપની શાળાને ફાળવેલ માન્યતા કોડ નંબર ________________ છે. તેની નોંધ લેવા અને આ કચેરી સાથેના કોઇપણ પત્રવ્યવહાર માટે તેનો ઉલ્લેખ કરવા વિનંતી.

૩૨. આપની શાળાનો UDISE કોડ 24060213735 છે ઉપલી કચેરી સાથેના પત્રવ્યવહાર વખતે તેનો ઉલ્લેખ કરવાનો રહેશે. રૂ. <u>25000</u> ની ફી મળેલ છે. આ પ્રમાણપત્ર તા. ....31/05/2019..... (દિવસ/માસ/વર્ષ) ના રોજ આપેલ છે.

સ્થળ :-GANDHINAGAR
તારીખ :-

[redacted]

સહિ :-
[redacted]
(સક્ષમ સત્તાધિકારીનું નામ)
જિલ્લા શિક્ષણાધિકારી/
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લો :- GANDHINAGAR

**નકલ રવાના :-**
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. ૧૨/૧ માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર

Scanned with CamScanner

Application No.: **GAN500018**

BOOK NO. 1
PAGE NO. 14
SR.NO. 102/2020
DATE: 3/1/2020

M.N. CHAVDA
NOTARY
GOVT OF INDIA

Number: No./Education/Private/Class Increase/ws19/18/2300-01.
District Primary Education Officer/
District Education Officer
District: Gandhinagar.

Dt. 31/05/2019

To, 03 JAN 2020

Presdident / Secretary / Management
**Mahendrasinh Shankersinh Vaghela**
**Managing Director,**
"Vasant Vagdo", K-7 Circle,
Gandhinagar - Mansa Road,
Gandhinagar - 382026 (Gujarat)

NOTARY M. N. CHAVDA GANDHINAGAR DISTRICT INDIA Reg.No.8660 GOVT. OF INDIA

**Subject:-** To give permission of school for to do increase in class of following below Primary School of Non granted / without grant from June, 2019.

| | | |
|---|---|---|
| Name of School Mandal | :- | **Shri Shankersinh Vaghela Bapu Foundation** |
| Address | :- | **"Vasant Vagdo", K-7 Circle, Gandhinagar-Mansa Road, Gandhinagar - 382026** |
| Name of School | :- | **SAMARPAN PUBLIC SCHOOL** |
| Address of School | :- | **SAMARPAN PUBLIC SCHOOL, SAMARPAN EDUCATION & RESEARCH CAMPUS, SAMARPAN CICLE, KH-7, SECTOR-28, GANDHINAGAR - 382028 (GUJARAT)** |

MULTICOLOUR XEROX

Medium :- **English** Standard :- **New Class 6, 7, 8**

Reference :-

**(1) As per Child Free and Compulsory Education Right Act 2009.**
**(2) As per Child Free and Compulsory Education Right Rules 2012.**
**(3) As per Mumbai Primary Education Act 1947.**
**(4) As per Mumbai Primary Education Rules 1949.**
**(5) As per Application Received from your Education Mandal for to start new Primary / Higher Primary School.**
**(6) Investigation report of Dt. 14/03/19 of Shri P. J. Patel Investigation Officer of this office.**

Samarpan Public School Manager

PRINCIPAL
Samarpan Public School

Scanned with CamScanner

Sir,

On basis of online application and enclosures with the said application received from your School Mandal for to start new lower Primary / Higher Primary School from June - 2019 as per child free and compulsory Education Right Act - 2009 its section-18 and child free and compulsory Education Right Rules - 2012 and Mumbai Primary Education Rules - 2012 and Mumbai Primary Education Rules - 1949, permission has been given with below mentioned condition to star New Lower Primary (Std. 1 to 5) / Higher Primary (Std. 6 to 8) of Non Granted from June - 2019.

Medium of education will be English in your school and from June 2019. Only one - one - classes will be run of Standard (New Class) New Class 6, 7, 8

**Conditions:-**

1. Responsibility to fulfil conditions of approval of school and to maintain it will be of School Mandal (Management).
2. Responsibility to follow and maintain it of all permissions of Child Free and Compulsory Education Right Act - 2009 and Child Free and Compulsory Education Right Rules - 2012 and Mumbai Primary Education Act - 1947 and Mumbai Primary Education Rules - 1949 will be of School Management.
3. Responsibility will be of School Management to follow Acts and Rules constituted under it and Rules, Sub Rules, Resolutions, Circulars, Instructions which has been declared at time to time by state Government.
4. School has to give admission as per 25% of total number of said standard, in standard 1st including Pre Primary Schools to the weak class children and to the children of helpless group in nearest area and should provide free and compulsory beginning education till its end and should be done. Contact of concerned office for its implementation.

MULTICOLOUR XEROX

5. Prohibition is on to take capitation fee and so not to take any capitation fee or by other way, other donation or articles in place of the said fee by trust committee of school.
6. For the purpose of to give admission by school, not to follow procedure or screening (investigation test) by any way of children or their or their parents or guardians.
7. Not to deny by school to give admission to any child without evidence of age or on basis of any type of religion, cast, birth place or sect.
8. **School has to decide that :-**

   (1) To any child to whom admission is given to whom not to prevent in any standard till education may not be completed of beginning education in school or not to remove from school or procedure may be done of class up gradation (promote) as per current rules.

   (2) Any child may not be entitled for physical punishment or mental torture.

   (3) Certificate may be given as per prescribed under rule - 30 to each child who has completed Primary (beginning) education.

   (4) As per provisions of Acts, admission is to be given to the special needful students who are having disability.

   (5) Recruitment is to be done of holding educational qualification which has been prescribed at time to time by Government.

PRINCIPAL
Samarpan Education & Research Campus

Scanned with CamScanner

(6) Proportion of Teacher - Student may be as per rules, area of class room may be as per rules, area of class room may be as per rules in school and all physical facilities may be as per require.

(7) Teacher has to oblige his duty as per prescribed under sub section (1) of section 24 of R.T.I. Act.

(8) Teacher cannot give private tuition, responsibility to see it will be of management committee.

(9) After oblige to the orders and guidelines issued by Central Government or State Government or Director to follow to clear (transparent) and neutral admission process.

9. School has to give education as per syllabus prepared on basis of chapter vice framed by proper authority.

10. Admission is to be given to students in proportion of available facilities in school as per prescribed in section-19 of RTI Act by school.

11. Standards and measurements is to be maintain of school as per prescribed in section-19 of R.T.I. Act by school and specially maintenance of website of school to provide any information and to follow all conditions of Rule-13 of RTI connected to fill data (information) of District Information System for education data DISE true and trustful in prescribed time every year.

12. No to run unauthorised classes out of school or inside of school place with the same named school.

13. Use of only educational skill development purpose is to be done of school building or other construction or ground.

14. School is to be run by registered association under society registration act 1860 (in 21 of year 1860) or by charitable trust / company constitute by law which in implementation of the act at that time.

15. School may not be run for profit of any person, group or association of persons or of any other persons.

16. Audit is to be done of accounts through chartered Accountant and certified is to be done and a proper accounts statement is to be prepared as per rules. One copy of audited report of accounts is to be sending to competent authority every year.

MULTICOLOUR XEROX

17. Facility with CCTV camera recording may be available and competent officer is to be assured about it.

18. A necessary step for school safety is to be taken within time limit as per guidelines of National Disaster Management Authority. Implementation of School Safety Policy - 2016 is to be done.

19. For safety of students and staff after taking necessary steps at time to time their security is to be fired.

20. School management cannot oblige of force or cannot obstinate to students / guardians for to purchase. Fixed type of books, literature, uniform, boot from his own institute from any proper (fixed) institute or agency or of fixed marked of company.

21. Provisions of Gujarat Self Finance School (Fee Regulation) Act - 2017 and rules framed under it will be applicable to this school and undertaking statement is be produced about to follow it.

22. Liberty will be to do supervision of school to competent authority or to person authorized by their or to supervisor / officers of Education Department.

23. School has to use approved syllabus by Government and books sanctioned by time to time.

24. Rate of education fee and salary standard of education and non educational employees may be government approved.

PRINCIPAL
Samarpan Public School
Samarpan Education & Research Campus

25. Records, statistical statements and certificates which have been given from Principal of school or

Scanned with CamScanner

26. School will provide reports and information which may be demanded by Director or Competent Authority at time to time and orders may be followed as the state Government / Local Authority may give to fulfil condition of approval to continue school or to remove faults of work of school.

27. Without prior permission of competent Authority changes in name of school, changes in place of school or management unit of school can not be done.

28. In general circumstance in which year permission is given to school in the same year school is to be started, within six months of permission received, if school will not be started at that permission which has been given will automatically cancelled.

29. When requirement may arise at that, school building may be given for use of public examination and for public benefit by school management after doing vacate it

30. All resolutions/circulars/instructions which may be declared at time to time by government may be followed.

31. Allotted approved code Number is __________ is of your school to record it and request for mention of it for any type of correspondence with this office.

32. UDISE code is 24060213734 is of your school. During correspondence with upper office it may be mentioned. Rs. 25000/- fee is received. This certificate is given on date 31/5/2019 (Day/Month/Year)

Place: - Gandhinagar

Date: -

MULTICOLOUR XEROX

NOTARY M.N.CHAVDA GANDHINAGAR DISTRICT INDIA REG.No.8660 GOVERNMENT OF INDIA

Signature

SD/-

(Name of Competent Officer)

District Education officer,

District Primary Education Officer

District - Gandhinagar

MY COMMISSION Expires on 19-09-2021

M.N. CHAVDA
NOTARY
GOVT. OF INDIA

03 JAN 2020

**Copy to:**

Director: Primary School,
Block No. 12/1Floor,
Dr. Jivraj Maheta Bhavan,
Gujarat State. Gandhinagar.

Samarpan Public School Manager

This is Certified to be True Translation of this Original Document is issued in Gujarati / English Language

M. N. CHAVDA
NOTARY
GOVT. OF INDIA

03 JAN 2020

NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL

NOTARY M. N. CHAVDA GANDHINAGAR DISTRICT INDIA Reg.No.8660 GOVT. OF INDIA

Scanned with CamScanner

# CERTIFICATE

This approval certificate has been issued for to start standard (New Class) 6,7,8 English Medium from June - 2019 to your trust **Shri Shankarsinh Vaghela Bapu Foundation** managed by **SAMARPAN PUBLIC SCHOOL,** school **SAMARPAN PUBLIC SCHOOL SAMARPAN EDUCATION & RESEARCH CAMPUS, SAMARAPAN CIRCLE, KH-7, SECTOR-28, GANDHINAGAR - 382028** as per sanction letter Date 31/05/2019 of this office and as per provisions of children's free and compulsory Education Right Act - 2009 and childrens free and compulsory education right rules - 2012 implemented under this act and Mumbai Primary Education Act 1947 and Mumbai Primary Education Rules 1949.

**Signature**
**Sd/-**
**(Name of Competent Authority)**
**(District Education Officer)**
**(District Primary Education Officer)**

Application No. GAN500018.
Certificate Number:
Place: GANDHINAGAR

MY COMMISSION
Expires on 19-09-2021

M.N. CHAVDA
NOTARY
GOVT. OF INDIA

MULTICOLOUR XEROX

NOTARY
M.N. CHAVDA
GANDHINAGAR DISTRICT
INDIA
Reg.No.3660
GOVT. OF INDIA

This is Certified to be True Translation of this Original Document is issued in Gujarati / English Language

M. N. CHAVDA
NOTARY
GOVT. OF INDIA
03 JAN 2020

PRINCIPAL
Samarpan Public School
Samarpan Education & Research Campus
Shree Shankarsinh Vaghela Bapu Foundation
Gandhinagar-382028

Samarpan Public School
Manager

Scanned with CamScanner